ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/12-22/છ, તા. 1-3-2016 –થી મંજૂર

# સંગીત

## (તબલા)

## ધોરણ 9

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈ-બહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારા માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**કિંમત : ₹ 65.00**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382 010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
શ્રી ભૂપેન્દ્રભાઈ શાહ

**લેખન**
શ્રી રમેશ ભટ્ટ
શ્રી શાંતિ જેઠવા
શ્રી મુંજાલ મહેતા
શ્રીમતી શુભાંગી મરાઠે
શ્રી સમ્યક પારેખ

**સમીક્ષા**
શ્રી જિજ્ઞેશ ટિલાવત
શ્રી સંજય મહેતા

**ભાષાશુદ્ધિ**
શ્રીમતી વૈશાલી ધોળકીયા

**સંયોજન**
શ્રી ક્રિષ્ના દવે
વિષય-સંયોજક : અંગ્રેજી

**નિર્માણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 9, સંગીત (તબલા)** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**એચ.એન.ચાવડા**
નિયામક
તા.01-03-2016

**ડૉ. નીતિન પેથાણી**
કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2016**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ.એન.ચાવડા, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા

## વિભાગ 1 : સૈદ્ધાંતિક


| | | |
|---|---|---|
| 1. | તાલોની સંપૂર્ણ માહિતી | 1 |
| 2. | તબલાનાં વિભિન્ન અંગો | 4 |
| 3. | પારિભાષિક શબ્દોની વ્યાખ્યા | 6 |
| 4. | તાલવાદ્યની ઉત્પત્તિ | 9 |
| 5. | ત્રિતાલ વાદન | 10 |
| 6. | પ્રસિદ્ધ તબલાવાદકોનાં નામ અંગે સામાન્ય જ્ઞાન | 13 |
| 7. | જીવન-પરિચય | 14 |


## વિભાગ 2 : ક્રિયાત્મક


| | | |
|---|---|---|
| 1. | તબલાના મુખ્ય દસ વર્ણની વાદનવિધિ | 17 |
| 2. | તાલોની ઠાયલય અને દુગુન લય વગાડવાની પદ્ધતિ | 19 |
| 3. | તાલ-ત્રિતાલનું વાદન | 21 |
| 4. | સુગમ સંગીત ગરબા, ભજન, ગઝલ ગીતપ્રકારોમાં તાલોનો પ્રયોગ | 23 |
| 5. | ગુજરાતના પ્રસિદ્ધ તબલા વાદકો | 25 |


●

## શિક્ષકો માટે...

**ધોરણ 9 સંગીતના અભ્યાસક્રમમાં...**

(1) સંગીત કંઠ્ય (ગાયન) અને સ્વરવાદ્યના અભ્યાસક્રમ મુજબ આપેલ છે. જેમાંથી ક્રિયાત્મકના એકમમાં આપેલ કંઠ્યના વિદ્યાર્થીઓને કંઠ્યના (ગાયન) અને સ્વરવાદ્યના વિદ્યાર્થીઓને પોતાના સ્વરવાદ્ય પ્રમાણે ક્રિયાત્મક (પ્રાયોગિક) આ સાથેના અભ્યાસક્રમ મુજબ તૈયારી કરાવવાની રહેશે.

સૈદ્ધાંતિક વિષય કંઠ્ય (ગાયન) અને સ્વરવાદ્યના વિદ્યાર્થીઓ માટે સમાન (એકસરખો) રહેશે.

(2) સંગીત-તબલા અભ્યાસક્રમનું પુસ્તક અલગ રીતે તૈયાર કરવામાં આવ્યું છે. તે પ્રમાણે તાલવાદ્ય (તબલા)ના વિદ્યાર્થીઓને કરાવવાનો રહેશે. જેમાં વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમ મુજબ ક્રિયાત્મક (પ્રાયોગિક) અને સૈદ્ધાંતિક (શાસ્ત્ર)ની તૈયારી કરાવવાની રહેશે.

(3) સંગીત (કંઠ્ય) અને સંગીત (સ્વરવાદ્ય)ના વિદ્યાર્થીઓ માટે લેખિત પરીક્ષા ભાગ 1 રહેશે. જ્યારે સંગીત (તબલા)ના વિદ્યાર્થીઓ માટે ભાગ 2 રહેશે.

(4) પ્રશ્નપત્રમાં ભાગ 1 અને ભાગ 2 છાપવામાં આવશે.

(5) સંગીત કંઠ્ય, સ્વરવાદ્ય અને તબલાના અભ્યાસક્રમનું આયોજન વર્ગ દીઠ (3) ‘ત્રણ’ તાસ (પિરિયડ)નું છે.

(6) આ પુસ્તકમાં ‘વિભાગ 1’ સૈદ્ધાંતિક (શાસ્ત્ર)નો જ્યારે ‘વિભાગ 2’માં ક્રિયાત્મક (પ્રાયોગિક)નો સમાવેશ કરવામાં આવ્યો છે. કંઠ્ય સંગીતના વિદ્યાર્થીઓને ક્રિયાત્મક (પ્રાયોગિક)માં ગાયનની (ગાવાની) તાલીમ આપવાની રહેશે. જેમાં આ પાઠ્યપુસ્તકમાં આપેલ બંદિશો અને આલાપ-તાન શીખવાડવાના રહેશે.

જ્યારે સ્વરવાદ્યના વિદ્યાર્થીઓએ તેમણે પસંદ કરેલા સ્વરવાદ્યની તૈયારી કરાવવાની રહેશે.

સ્વરવાદ્યના વિદ્યાર્થીઓએ નીચેના સ્વરવાદ્યમાંથી ગમે તે એક સ્વરવાદ્યનો વિકલ્પ પસંદ કરવો જેવાં કે,

(1) હાર્મોનિયમ (2) વાંસળી (3) સિતાર (4) સરોદ (5) વાયોલિન (6) દિલરૂબા (7) ગિટાર (8) મેન્ડોલિન આ સ્વરવાદ્યોમાંથી ગમે તે એક સ્વરવાદ્યમાં પાઠ્યપુસ્તક આધારિત ગતની તૈયાર કરાવવાની રહેશે.

(7) આધુનિક સાધનોથી સજ્જ એવા અલગ સંગીત વર્ગની જોગવાઈ હોવી ઇચ્છનીય છે. સંગીતના આધુનિક ઉપયોગી ઇલેક્ટ્રોનિક ઉપકરણો જેવાં કે, સ્વરપેટી, તાનપુરો, તાલયંત્ર, ડીવીડી પ્લેયર, માઇક્રોફોન, કી-બોર્ડ, રેકોર્ડિંગ સિસ્ટિમ, સીડી તેમજ વિવિધ તાલને લગતાં ઉપકરણો સંગીત માટે આધુનિક સંગીત વિષયક લાઇબ્રેરીને અલાયદા વર્ગખંડની ભારતીય બેઠક સહિતની વ્યવસ્થા હોવી જરૂરી છે.

(8) વિદ્યાર્થી ભવિષ્યમાં રંગમંચના સ્થાન તરફ દૃષ્ટિ કેળવીને તેઓનો આત્મવિશ્વાસ કેળવાય તે રીતે પ્રોત્સાહિત કરી, રિયાઝ દ્વારા નૈસર્ગિક મધુર કંઠ કેળવાય. સ્વર, રાગ, તાલનું જ્ઞાન મેળવી વિદ્યાર્થી રંગમંચનું સ્થાન મેળવે, તે આ પાઠ્યપુસ્તકનો ઉદ્દેશ છે.

(9) વિદ્યાર્થી સંગીતની રસચેતનાનો અનુભવ કરે, આનંદ માણે, કદર કરે, તે ઉપરાંત લોકસંગીતની પરંપરા મુજબના ઢાળ તેમજ સ્પષ્ટ ઉચ્ચારણો અને અવાજ કાઢવાની સાચી ટેવ પડે, શ્વાસોશ્વાસની વૈજ્ઞાનિક દૃષ્ટિ અને બૌદ્ધિક સમજ કેળવાય એ આ પાઠ્યપુસ્તકનો ઉદ્દેશ છે.

વિદ્યાર્થીઓની રચનાત્મક (ક્રિએટિવ) શક્તિઓને હરહંમેશ બિરદાવવી જોઈએ.

(10) ધોરણ 9 તબલા વિષયની સૈધ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા શાળાકક્ષાએ લેવાની રહેશે.

●

## આ પાઠ્યપુસ્તક વિશે...

શિક્ષણનો અંતિમ ઉદ્દેશ માનવીના જ્ઞાન અને ઉચ્ચતમ ભાવનાઓનો વિકાસ અને સંસ્કારોનું સિંચન કરવાનો છે. તદ્ઉપરાંત, સંગીતમાં તાલ પ્રત્યે અભિરુચિ કેળવાય, સંગીતમાં રસ ઉત્પન્ન થાય તે રીતે શિષ્ટ સંગીતની સમજ ધરાવતા સમાજનું નિર્માણ થાય, તે પણ છે.

સંગીત વિદ્યામાં તાલ એ સંગીતનો પ્રાણ છે. તાલ એ ગાયન, વાદન અને નૃત્યની સર્જનાત્મક કલાને જીવંત બનાવી કલાકારની રંગમંચ પ્રસ્તુતિની સુંદરતામાં વધારો કરે અને રસજ્ઞ શ્રોતાઓના ચિત્તને પ્રસન્નતાથી ભરી દઈ આનંદ આપે એવી તાલની સજાવટ માટે વિદ્યાર્થી પ્રત્યક્ષ ગુરુ પાસે તાલીમ લઈ તાલના વિવિધ ઠેકા, માત્રા સાથે લયની સમજ સાથસંગત માટે કેળવે તે અત્યંત જરૂરી છે.

તાલ એ ગાયન, વાદન કે નૃત્યની ક્રિયામાં પ્રાણ પૂરી ગીતને ગતિ આપે છે. ભારતીય તાલવાદ્યોમાં ચામડાથી મઢેલા વાદ્યો જેવા કે, પખવાજ, તબલા, ઢોલ, ઢોલક, નાલ વગેરેમાંથી નીકળતો ઘેરો અવાજ ગાયન - વાદનની ક્રિયામાં ભળી જઈ ક્રિયાને નિયંત્રિત કરી, કલાકારની કલ્પના શક્તિમાં વધારો કરી ઉત્સાહ વધારે છે અને શ્રોતાઓના મન-હૃદયને આનંદીત કરે એવું ખાસ વાતાવરણ ઉત્પન્ન કરવાની તાકાત તાલમાં રહેલી છે. વહેતા સમયને લયથી બાંધવો એ તાલ.

ભારતીય સંગીતમાં તાલ એક અને એના સ્વરૂપ અનેક છે. ગાયન, વાદન અને નૃત્યની ક્રિયામાં આંટીઘૂંટીમાં તાલ રચાય છે. તાલ રમે છે અને રમાડે છે. તાલમાં લયકારીનું ગણિત અને સમયના સૂક્ષ્મ ભાગની ગણતરી થાય છે. જે ભારતીય તાલની વિશિષ્ટતા છે. ભારતીય સંગીત સ્વરપ્રધાન છે. જ્યારે વિદેશી સંગીત તાલ પ્રધાન છે.

આ પુસ્તકમાં અવનદ્ધ વાદ્ય - તબલાનો પૂર્ણ પરિચય તથા તે વાદ્યોને કેવી રીતે વગાડવા તેની રીત, તેના વિવિધ ગુણો અને અલગ-અલગ માત્રાઓ અને બોલથી બનતા તાલ કેવી રીતે વાગે તે સરળ શાસ્ત્રીય રીતે સમજાવવામાં આવ્યું છે.

તબલા વાદનને સમજવા માટે લય, તાલ, સમ, ખાલી, કાયદા, ટુકડા, રેલા, પરન વિગેરે પારિભાષિક શબ્દોનો પરિચય ઉદાહરણ સહિત સમજાવવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓ આવી તબલાવાદનની પ્રયોગલક્ષી પ્રવૃત્તિઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે કરશે, તેવી અપેક્ષા સહ.

•

# વિભાગ 1

## 1 તાલોની સંપૂર્ણ માહિતી

**પ્રસ્તાવના**

આ એકમમાં અભ્યાસક્રમમાં આવતા તાલોની માહિતી તેમજ તાલનો પરિચય આપવામાં આવ્યો છે. જેનાથી બાળકોને તાલની સમજ પડે. તાલમાં આવતી માત્રા, વિભાગ, તાલી, ખાલીનું જ્ઞાન મળે, તેમજ તાલને મૂળ લય અને દુગુન લયનું જ્ઞાન થાય તે હેતુ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરેલ છે.

### તાલોની સંપૂર્ણ માહિતી

**(1) તાલ - ત્રિતાલ**

માહિતી : માત્રા - 16, વિભાગ-4 તાલી - 1, 5, 13 માત્રા, ખાલી - 9 માત્રા પર

જાતિ - ચતુસ્ત્ર

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધા | ધીં | ધીં | ધા | ધા | ધીં | ધીં | ધા | ધા | તિં | તિં | તા | તા | ધીં | ધીં | ધા | ધા |
| ચિહ્ન | × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |

**દુગુન લય :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધાધીં | ધીંધા | ધાધીં | ધીંધા | ધાતીં | તીંતા | તાધીં | ધીંધા | ધાધીં | ધીંધા | ધાધીં | ધીંધા | ધાતીં | તીંતા | તાધીં | ધીંધા | ધા |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |

આ તબલાનો ખૂબ પ્રચલિત તાલ છે. એનો ઉપયોગ વિલંબિત લય, મધ્યલય અને દ્રુતલય. આમ ત્રણે લયમાં થાય છે ગાયન-વાદન અને નૃત્યની સંગતિમાં ઉપયોગી તાલ છે. તેમજ સોલોવાદન (એકલવાદન) પણ આ તાલમાં વધુ કરવામાં આવે છે. આ તાલના બોલ બંધ હોવાથી બંધબાજનો તાલ કહેવામાં આવે છે. આ તાલ તબલા પર વગાડવામાં આવે છે.

**(2) તાલ - દાદરા**

માહિતી : માત્રા-૬ વિભાગ-૨ તાલી ૧ માત્રા પર, ખાલી ૪ માત્રા પર

જાતિ - તિસ્ત્ર, બાજ, બંધબાજ

તાલ - તબલા, બંધબાજ

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધા | ધીં | ના | ધા | તીં | ના | ધા |
| ચિહ્ન | × | | | ○ | | | × |

**દુગુન લય**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધાધીં | નાધા | તીંના | ધાધીં | નાધા | તિંના | ધા |
| ચિહ્ન | × | | | 0 | | | × |

આ તાલનો ઉપયોગ સુગમ સંગીત ગઝલ, ઠુમરી, દાદરા જેવા ઉપશાસ્ત્રીય સંગીતમાં વગાડવામાં આવે છે.

### (3) તાલ - રૂપક

માહિતી : માત્રા-7, વિભાગ - 3, તાલી-1, 4, 6 માત્રા પર, જાતિ - મિશ્ર બાજ - બંધબાજ

આ તાલનો ઉપયોગ શાસ્ત્રીય સંગીત તેમજ સુગમ સંગીત, ભજન વગેરે પ્રકારમાં થાય છે. આ તાલમાં પહેલી માત્રા પર ખાલીના બોલ હોવાથી ખાલી આપે છે અને પ્રચારમાં પણ લોકો ખાલી આપીને તાલ બોલે છે. બાકી આ તાલમાં ખાલી આવતી નથી. આ તાલ બંધબાજમાં વગાડવામાં આવે છે.

**મૂળ લય**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
| બોલ | તીં | તીં | ના | ધીં | ના | ધીં | ના | તીં |
| ચિહ્ન | ⊗ | | | 2 | | 3 | | ⊗ |

**દુગુન લય**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
| તીંતીં | નાધીં | નાધીં | નાતીં | તીંના | ધીંના | ધીંના | તીં |
| ⊗ | | | 2 | | 3 | | ⊗ |

### (4) તાલ - કહરવા

માહિતી : માત્રા-૮, વિભાગ-૨, તાલી ૧ માત્રા પર, ખાલી ૫ માત્રા પર, જાતિ - ચતસ્ત્ર, બાજ - બંધબાજ

આ તાલ ઘણો પ્રચલિત તાલ છે. તેનો ઉપયોગ સુગમ સંગીત, કીર્તન, ભજન, ફિલ્મી સંગીત, નાટ્ય ગીત વગેરેમાં થાય છે.

**મૂળ લય**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
| બોલ | ધા | ગે | ન | તિ | ન | ક | ધી | ન | ધા |
| ચિહ્ન | × | | | | 0 | | | | × |

**દુગુન લય**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
| બોલ | ધાગે | નતિ | નક | ધિન | ધાગે | નતિ | નક | ધિન | ધા |
| ચિહ્ન | × | | | | 0 | | | | × |

### (5) તાલ - હિંચ

માહિતી : માત્રા- 6, વિભાગ-2 તાલી - 1 માત્રા પર, ખાલી 4 માત્રા પર, જાતિ - તિસ્ત્ર, બાજ - બંધબાજ

આ તાલ ઘણો પ્રચલિત છે. આ તાલનો ઉપયોગ રાસ, ગરબા, ગીતો તથા પ્રાચીન ઢાળનાં ભજનોમાં વધુ ઉપયોગ થાય છે. આ તાલ ઘણો પ્રચલિત તાલ છે. જેને તબલા, ઢોલક, ઢોલ વગેરે વાદ્યો પર વગાડવામાં આવે છે.

**મૂળ લય**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
| બોલ | ધીંડ | નક | ધા | તીંડ | નક | ધા | ધીં |
| ચિહ્ન | × | | | 0 | | | × |

**દુગુન લય**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધીંડનક | ધાડતીંડ | નકધાડ | ધીંડનક | ધાડતીંડ | નકધાડ | ધીં |
| ચિહ્ન | × | | | 0 | | | × |

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) તાલ ત્રિતાલની કેટલી માત્રા છે ?

(2) તાલ ત્રિતાલમાં ખાલી કઈ માત્રા પર આવે છે ?

(3) તાલ દાદરાનો ઉપયોગ વધુ કઈ ગાયકીમાં થાય છે ?

(4) તાલ રૂપકમાં કેટલા વિભાગ છે ?

(5) તાલ કહરવાની કેટલી માત્રા છે ?

(6) સુગમ સંગીતમાં કયા તાલનો ઉપયોગ વધુ થાય છે ?

(7) તાલ હિંચનો ઉપયોગ કઈ ગાયકીમાં થાય છે ?

**2. સાચા વિકલ્પ સામે ✓ ની નિશાની ચિહ્ન કરો :**

(1) તાલ ત્રિતાલમાં ખાલી કઈ માત્રા પર આવે છે ?

(અ) ૫ (બ) ૧૩ (ક) ૯ (ડ) ૧

(2) તાલ ત્રિતાલ કયા બાજનો તાલ છે ?

(અ) ખૂલ્લાબાજ (બ) બંધબાજ (ક) નૃત્યબાજ

(3) તાલ દાદરાના કેટલા વિભાગ છે ?

(અ) ચાર (બ) બે (ક) ત્રણ (ડ) એક

(4) તાલ રૂપક કયા બાજમાં વગાડવામાં આવે છે ?

(અ) ખૂલ્લાબાજ (બ) બંધબાજ - -

(5) તાલ કહરવા કઈ ગાયન શૈલીમાં વગાડવામાં આવે છે ?

(અ) શાસ્ત્રીય સંગીત (બ) સુગમ સંગીત (ક) ધ્રૂપદગાયન (ડ) ધમારગાયન

(6) તાલ હિંચ કયા વાદ્ય પર વધુ વગાડવામાં આવે છે ?

(અ) પખાવજ (બ) ઢોલ (ક) નાલ (ડ) મૃદંગમ્

•

# 2 તબલાનાં વિભિન્ન અંગો

**પ્રસ્તાવના**

વિષ્ણુ નામાનિ પુણ્યાનિ સુસ્વરૈરન્વિતાનિચેત્ ।
ભવન્તિ સામ તુભ્યાનિ કીર્તિતાનિ મનીષિભિઃ ॥


- **સંગીત પારિજાત**

**અર્થાત્** - જે તાલ સાથે સ્વરો મેળવીને ઈશ્વરનું નામ ગાવામાં આવે તે સામગાનની માફક ફળદાયી બને છે.

લય અને તાલ એ સંગીતના પ્રાણ છે. સમગ્ર સૃષ્ટિમાં તે સમાવિષ્ટ છે. સૃષ્ટિનું સંચાલન પણ મૂળ લય અને તાલમાં જ થાય છે. જો લય અને તાલને સૃષ્ટિમાંથી દૂર કરી નાખવામાં આવે તો સમગ્ર સૃષ્ટિનો જ નાશ થઈ જાય.

આમ, તાલનું સંગીતમાં ખૂબ જ મહત્ત્વ છે. ભારતીય તાલવાદ્યોમાં તબલાવાદ્ય વધારે લોકપ્રિયતા ધરાવે છે. તેથી આ એકમ દ્વારા વિદ્યાર્થીઓને સૌપ્રથમ તબલાનાં વિભિન્ન અંગોની સમજૂતી આપવી ખૂબ જ જરૂરી છે. જેમાં તબલાનાં જુદાં જુદાં અંગોની સમજૂતી આપી વિદ્યાર્થીને તેના દરેક અંગોથી માહિતગાર કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. જેમાં તબલાનાં દાયા અને બાયાનાં વિભિન્ન અંગોનું વર્ણન આપવામાં આવ્યું છે. જેના દ્વારા વિદ્યાર્થી સંગીત વિષયથી માહિતગાર બને અને ગાયન, વાદન, નૃત્યના નિયત સિદ્ધાંતોનું પાલન કરી પોતાની કળાને સૌંદર્યસભર બનાવી શકે છે.

**તબલાનાં વિભિન્ન અંગોનું વર્ણન**




આજકાલ ઉત્તર ભારતીય સંગીતમાં ઉપયોગી તાલવાદ્યમાં તબલાવાદ્યનું વિશેષ મહત્ત્વ છે. જેમાં દાયુ તબલું એ સાગ, સીસમ, બીયુ, ખેર, ચંદન, બબુલ જેવાં લાકડાંમાંથી બનાવવામાં આવે છે.

જ્યારે બાયું એ જર્મન, સિલ્વર, માટી અથવા બીજી કોઈ ધાતુમાંથી બનાવવામાં આવે છે. તે જેટલું વજનમાં ભારે હોય છે તેટલું સારું હોય છે. કેટલાક લોકો બાયામાં સીસા, ચંગા તથા જસ્તા વગેરે નાંખીને તેને ભારે કરી દે છે. ફળ સ્વરૂપ તેમાંથી ગુંજ વધારે નીકળે છે અને તે આમતેમ હાલતું નથી.

**(1) પુડી :** તબલા ઉપર જે ચામડાંની ખાલ લાગેલી હોય છે તેને પુડી કહેવામાં આવે છે. સામાન્ય રીતે તે બકરીના ચામડાંમાંથી બનાવવામાં આવે છે. દાયાની પુડી થોડી પાતળી અને બાયાની પુડી થોડી જાડી હોય છે.

**(2) કોઠી :** તબલાની કોઠી લાકડાની અથવા માટીની બનેલી હોય છે. ખાસ કરીને તે લાકડાની હોય છે. તેના પર ચામડાની પુડી બાંધવામાં આવે છે.

**(3) શાહી :** શાહી લોખંડની બનેલી રાળ (ચૂરો) મેળવીને તૈયાર કરવામાં આવે છે. જેનાથી ધ્વનિ નિયંત્રિત થાય છે. તેને દાયાં પર પુડીની વચ્ચેના ભાગ પર અને બાયાં પર પુડીની મધ્યમાં નહિ, પરંતુ સહેજ બાજુ પર લગાવવામાં આવે છે.

**(4) લવ (મેદાન) :** શાહી અને ચાંટ(કિનાર)ના વચ્ચેના ભાગને મેદાન અથવા લવ કહેવામાં આવે છે.

**(5) ચાંટ (કિનાર) :** પુડીની કિનારે ચારે બાજુ અડધા ઇંચ પાતળી પટ્ટી હોય છે જેને કિનાર અથવા ચાંટ કહેવામાં આવે છે. જેના પર આઘાત કરવાથી ધ્વનિ ઉત્પન્ન થાય છે.

**(6) ગજરો :** પુડીની ચારે બાજુ તેના ચામડાને જોડવા માટે ચામડાથી જ ગૂંથાયેલો ગજરો હોય છે જેમાં ૧૬ છિદ્રો હોય છે. તે કાંણામાં વાધર પરોવાય છે. તેના પર હથોડીનો આઘાત કરવાથી તબલાને સ્વરમાં મેળવવામાં આવે છે.

**(7) વાધર :** તબલાની પુડીને મજબૂત રાખવા માટે ગજરામાંથી ચામડાની દોરી પરોવાય છે તેને વાધર કહે છે.

**(8) ગટ્ટા :** વાધર અને કોઠીની વચ્ચે જે આઠ લાકડાના ટુકડા હોય છે તેને ગટ્ટા કહેવામાં આવે છે. ગટ્ઠા પર હથોડીથી આઘાત કરીને તબલા સ્વરમાં મેળવવામાં આવે છે.

**(9) ઈંઢોણી :** તબલા મૂકવા માટે કપડાંમાંથી બનાવેલ સુથિયાને ઇંઢોણી કહે છે. જેના પર તબલા મૂકવાથી વગાડતી વખતે તબલા હલતાં નથી અને અવાજ સારો નીકળે છે.

**(10) હથોડી :** તબલાની હથોડી સ્ટીલ અથવા ધાતુની હોય છે. જેનાથી ગટ્ઠા ઉપર તેમજ ગજરા પર આઘાત કરીને તબલા સૂરમાં મેળવવામાં આવે છે.

**(11) કુંડી :** સ્ટીલ, તાંબું, માટી અથવા અન્ય ધાતુમાંથી કુંડી બનેલી હોય છે. તેના પર ચામડાની પુડી હોય છે અને તેનો બાયાં તરીકે ઉપયોગ થાય છે.

## સ્વાધ્યાય

**1. તબલાનાં વિભિન્ન અંગોનું વર્ણન કરી તેના વિશે વિગતવાર સમજાવો.**

**2. ખાલી જગ્યા પૂરો :**

(1) તબલાની કોઠી ...........ની બનેલી હોય છે.

(2) તબલામાં ........... ગટ્ટા હોય છે.

(3) તબલાની પડીની વચ્ચેના કાળા ભાગને ........... કહે છે.

(4) તબલાને સ્વરમાં મેળવવા ...........નો ઉપયોગ થાય છે.

(5) પુડીની ચારેય બાજુને મજબૂત બાંધવા માટે ચામડાંથી ગૂંથાયેલ ...........નો ઉપયોગ થાય છે.

**3. સાચા વિકલ્પ સામે ✓ ની નિશાની કરો :**

(1) તબલા ઉપર જે ચામડું લગાવવામાં આવે છે તેને શું કહેવાય છે ?

(અ) શ્યાહી (બ) ચાંટ (ક) પુડી (ડ) ગજરો

(2) તબલા ઉપર લગાવેલ શ્યાહી શેમાંથી બનેલી હોય છે ?

(અ) લોખંડનો ચુરો (બ) લોટ (ક) માટી (ડ) પથ્થર

(3) તબલાની હથોડી કઈ ધાતુમાંથી બનેલી હોય છે ?

(અ) લાકડાની (બ) સ્ટીલની (ક) પથ્થરની (ડ) કાચની

(4) ગજરામાં કેટલાં છિદ્રો હોય છે ?

(અ) 14 (બ) 12 (ક) 18 (ડ) 16

| 3 | પારિભાષિક શબ્દોની વ્યાખ્યા |
|---|---|

**પ્રસ્તાવના**

ભારતીય સંગીત એ સામવેદ ગ્રંથમાં ઉલ્લેખ પામેલ ગાયન, વાદન અને નૃત્યકળાના નિયત સિદ્ધાંતોને અનુલક્ષી રચવામાં આવેલ શાસ્ત્ર છે. આ સંગીતશાસ્ત્રના આધારભૂત પારિભાષિક શબ્દોની સમજ મેળવવાથી વિદ્યાર્થીમાં પડેલ સુષુપ્ત શક્તિને વેગ મળે છે.

ભારતીય સંગીતના વિદ્વાનોએ પારિભાષિક શબ્દોની ઊંડાણપૂર્વક સમજ સંક્ષિપ્તમાં આપી છે. જેના દ્વારા વિદ્યાર્થી સંગીત વિષયથી માહિતગાર બને અને ગાયન, વાદન, નૃત્યના નિયત સિદ્ધાંતોનું પાલન કરી પોતાની કળાને સૌંદર્યસભર બનાવી શકે છે. સંગીત, સ્વર, નાદ, લય, તાલ, માત્રા, ઠેકા, સમ, તાલી, ખાલી, દુગુન, તિગુન, ચૌગુન, કિસ્મ, કાયદા અને તિહાઈ જેવા શબ્દોની જાણકારી આ એકમથી વિદ્યાર્થી મેળવશે.

**પારિભાષિક શબ્દોની વ્યાખ્યા**

**(1) સંગીત :** 'ગીતમ્ વાદ્યમ્ એવં નૃત્યમ્' એટલે કે ગાવું, વગાડવું અને નાચવું આ ત્રણેય કળાઓના સમન્વયને 'સંગીત' કહે છે. આ ત્રણેય કળાઓ સ્વતંત્ર છે, પરંતુ ગીતપ્રધાન હોવાને કારણે ત્રણેય કળાનો સમાવેશ સંગીતમાં થાય છે.

**(2) નાદ :** નિયમિત રીતે આંદોલન દ્વારા ઉત્પન્ન થતા સંગીત ઉપયોગી ધ્વનિ કે અવાજને 'નાદ' કહે છે.

નાદના બે પ્રકાર છે : (1) આહત્ નાદ (2) અનાહત્ નાદ.

**(3) સ્વર :** જે ધ્વનિની આંદોલન-સંખ્યા નિયમિત હોય, જે સાંભળવામાં કર્ણપ્રિય (મધુર) હોય એવા સંગીત ઉપયોગી નાદને **સ્વર** કહે છે. મુખ્ય સ્વર સાત છે : સા (ષડ્જ), રે (ઋષભ), ગ (ગાંધાર), મ (મધ્યમ), પ (પંચમ), ધ (ધૈવત), નિ (નિષાદ)

આ સ્વરોના બે પ્રકાર છે : (1) શુદ્ધ સ્વર (2) વિકૃત સ્વર.

**(4) લય :** ગીત ગાવાની કે વગાડવાની સરખી ગતિને 'લય' કહે છે.

લયના ત્રણ પ્રકાર છે : (1) વિલંબિત લય (2) મધ્ય લય (3) દ્રુત લય.

**(1) વિલંબિત લય :** એકદમ ધીમી ગતિને વિલંબિત લય કહે છે.

**(2) મધ્ય લય :** ધીમી પણ નહિ કે બહુ તેજ પણ નહિ તેવી લયને મધ્ય લય કહે છે.

**(3) દ્રુત લય :** ઝડપી ગતિને દ્રુત લય કહે છે.

**(5) તાલ :** સંગીતમાં સમય માપવાના સાધનને 'તાલ' કહેવામાં આવે છે. માત્રાઓના સમૂહથી તાલની ઉત્પત્તિ થાય છે.

**(6) માત્રા :** લયને માપવાના સાધનને 'માત્રા' કહે છે. એક સમાન લયમાં ગણતરી કરવી તેને માત્રા કહેવાય છે.

**(7) ઠેકા :** તાલના નિશ્ચિત બોલના સમૂહને 'ઠેકા' કહે છે.

**ઉદાહરણ :** તાલ - દાદરા

માત્રા-6, ખંડ-2, તાલી-1, ખાલી-4

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધા | ધીં | ના | ધા | તિં | ના | ધા |
| ચિહ્ન | × | | | 0 | | | × |

**(8) સમ :** તાલની પહેલી માત્રાને 'સમ' કહે છે. તેને '×' નિશાની વડે પં. ભાતખંડે લિપિમાં દર્શાવાય છે. કોઈ પણ તાલની શરૂઆત સમથી થાય છે.

**(9) તાલી :** તાલમાં જે માત્રા ઉપર હાથથી તાલી આપવામાં આવે છે તેને 'તાલી અથવા ભરી' કહેવામાં આવે છે. તેને '×' 2, 3, 4 વડે દર્શાવાય છે.

**(10) ખાલી :** તાલમાં જ્યાં તાલીને બદલે હાથને વિરુદ્ધ દિશામાં દર્શાવવામાં આવે તેને 'ખાલી' કહે છે. તેને '0' વડે દર્શાવાય છે.

**(11) દુગુન :** મૂળ લય કરતાં બેવડી ગતિને 'દુગુન' કહે છે એટલે કે એક માત્રામાં બે માત્રા બોલવી કે વગાડવી તેને 'દુગુન' કહે છે.

**(12) તિગુન :** મૂળ ગતિની લય કરતાં ત્રણ ગણી ગતિની લયને 'તિગુન' કહે છે એટલે કે એક માત્રામાં ત્રણ માત્રા બોલવી કે વગાડવી તેને 'તિગુન' કહે છે.

**(13) ચૌગુન :** મૂળ લય કરતાં ચાર ગણી ગતિને 'ચૌગુન' કહે છે એટલે કે એક માત્રામાં ચાર માત્રા બોલવી કે વગાડવી તેને 'ચૌગુન' કહે છે.

**(14) કિસ્મ :** તાલના બંધારણમાં રહીને તાલના મૂળ બોલને અલગ અલગ રીતે વગાડવામાં આવે તેવા તબલાના સમૂહની સુંદર રચનાને 'કિસ્મ' કહે છે.

**(15) કાયદા :** જે બોલ સમૂહને તાલની ખાલી ભરીના હિસાબથી વગાડવામાં આવતા હોય અને તે રચના નિયમબદ્ધ હોય તેને 'કાયદા કહે છે.

**ઉદાહરણ :** તાલ - ત્રિતાલનો કાયદો

માત્રા-૧૬ ખંડ - 4 તાલી - 1, 5, 13 ખાલી - 9

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધા | ધા | તી | ટ | ધા | ધા | તીં | ના | તા | તા | તી | ટ | ધા | ધા | ધીં | ના | ધા |
| ચિહ્ન | × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |

**(16) તિહાઈ :** જે નિશ્ચિત બોલના સમૂહને ત્રણવાર વગાડીને સમ પર પહોંચાય તેવી સુંદર રચનાને 'તિહાઈ' કહે છે.

**ઉદાહરણ :** ત્રિતાલની તિહાઈ

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધાડતિર | કિટતક | તુંના | કિટતક | ધા | ડ | ધાડતિર | કિટતક | તુંના | કિટતક | ધા | ડ | ધાડતિર | કિટતક | તુંના | કિટતક | ધા |
| ચિહ્ન | × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |

તિહાઈના બે પ્રકાર છે : (1) બેદમ તિહાઈ (2) દમદાર તિહાઈ.

**(1) બેદમ તિહાઈ :** જે તિહાઈના બોલ વચ્ચે રોકાયા વગર સીધેસીધું વગાડવામાં આવે તેને બેદમ તિહાઈ કહે છે, જે તિહાઈમાં ‘ધા પછી બિલકુલ રોકાવાનું આવતું નથી તેવી તિહાઈને બેદમ તિહાઈ કહે છે.

**ઉદાહરણ :**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | તીટ | કતા | ગદી | ગન | ધાતી | ધા,તી | ટક | તાગ | દીગ | નધા | તીધા, | તીટ | કતા | ગદી | ગન | ધાતી | ધા |
| ચિહ્ન | × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |

**(૨) દમદાર તિહાઈ :** જે તિહાઈમાં દમ કે વિરામ લેવાનો હોય તેને દમદાર તિહાઈ કહે છે અથવા જે તિહાઈમાં ‘ધા પછી એક કે બે માત્રા રોકાવાનું હોય તેવી તિહાઈને દમદાર તિહાઈ કહે છે.

**ઉદાહરણ :**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધાધા | તીટ | ધાધા | તુંના | ધા | ઽ | ધાધા | તીટ | ધાધા | તુંના | ધા | ઽ | ધાધા | તીટ | ધાધા | તુંના | ધા |
| ચિહ્ન | × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) ‘0’ ની નિશાની વડે તાલમાં ........... દર્શાવાય છે.

(2) જે તિહાઈના બોલ વચ્ચે રોકાયા વગર વગાડવામાં આવે તેને ........... તિહાઈ કહેવામાં આવે છે.

(3) લય માપવાના સાધનને ........... કહે છે.

(4) એકદમ ધીમી ગતિની લય એટલે ...........

(5) તાલની પહેલી માત્રાને ........... કહે છે.

**2. નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(1) કિસ્મ એટલે શું ?

(2) નાદ એટલે શું ?

(3) ઠેકા એટલે શું ?

(4) તિહાઈ એટલે શું ? તેના પ્રકાર જણાવો.

(5) દ્રુત લય એટલે શું ?

(6) તાલ એટલે શું ?

(7) ચૌગુન એટલે શું ?

•

# 4 તાલવાદ્યની ઉત્પત્તિ

**પ્રસ્તાવના**

હાલમાં સૌથી વધુ પ્રચલિત તાલવાદ્યની ઉત્પત્તિ વિશે મતમતાંતર જોવા મળે છે. કારણ કે ભરતમુનિના નાટ્યશાસ્ત્રથી લઈ અકબરનામા સુધીના કોઈ પણ ગ્રંથમાં 'તબલા' શબ્દ કે તેના વાદકોનો ઉલ્લેખ મળતો નથી. આથી છેલ્લાં ૧૦૦ વર્ષમાં અનેક પુસ્તકો 'તબલા' ઉપર લખાયાં, પરંતુ દરેક વિદ્વાનોના મત અલગ-અલગ જણાય છે. જેનો ઉલ્લેખ આ એકમમાં કરવામાં આવ્યો છે.

ઉત્તર ભારતીય સંગીતમાં હાલ સૌથી લોકપ્રિય અવનધ્ય વાદ્ય હોય તો તે તબલા છે. લગભગ છેલ્લાં ૩૦૦ વર્ષથી આ વાદ્ય ઉપર ઉચ્ચ કોટીના કલાકારોએ યથાશક્તિ કામ કર્યું તથા આ કલાને જાળવવાનો પ્રયાસ કર્યો.

પરંતુ આટલા લોકપ્રિય વાદ્યના જન્મની ઉત્પત્તિ વિશે વિવિધ મત જોવા મળે છે. આ જાણકારી મેળવવા માટે આપણા દેશના તબલાવાદન કલાના વિદ્વાનોએ મૂર્તિઓ, દંતકથાઓ તથા ભીંતચિત્રોનો સહારો લીધો અને પોતાનાં મંતવ્યો જણાવ્યાં છે. મોગલ શાસનકાળ પહેલાં દ્રુપદ-ધમાર ગાયનશૈલી વધુ પ્રચલિત હતી અને તેને અનુરૂપ ગંભીર તાલવાદ્ય પખાવજનો ઉપયોગ થતો જણાય છે, પરંતુ ચૌદમી-પંદરમી સદીમાં સંગીતમાં શૃંગાર રસ તથા મધુરતાની સાથે વિવિધ લયકારીનો ઉપયોગ થવા લાગ્યો. આથી આ ગાયકીને અનુરૂપ એક નવા તાલવાદ્યની જરૂરત ઊભી થઈ અને તબલાની જોડી અસ્તિત્વમાં આવી હશે અને 17મી સદીમાં બાદશાહોના દરબારમાં નૃત્ય - ગઝલ - કવ્વાલી - ઠૂમરી જેવી ગાયનશૈલીમાં તબલાનો ઉપયોગ થવા લાગ્યો. આમ તબલાની જોડી પ્રચલિત બની હશે.

18મી સદીમાં ઉ. સિધ્ધાર ખાઁ એ લોટની જગ્યાએ પાકીશ્યાહીનો ઉપયોગ કર્યા બાદ તે કર્ણપ્રિય બનતા વધુ લોકપ્રિય બન્યું.

**ઉત્પત્તિ સંદર્ભે વિવિધ મત**

**(1)** ભરતમુનિના નાટ્યશાસ્ત્ર - અનુસાર સદીઓ પહેલાં 'તાલવાદ્ય' ત્રણ ભાગમાં જોવા મળે છે. આંકિક, ઉર્ધ્વક-આલિંગ્ય. આંકીક - જે જમીન ઉપર આડું મૂકીને વગાડવામાં આવતું હતું. ઉર્ધ્વક તથા આલિંગ્ય - જમીન ઉપર ઊભા રાખી વગાડવામાં આવતા હતા. તે મુજબ આંકિક એટલે પખાવજ.

ઉર્ધ્વક - આલિંગ્ય એટલે તબલા.

**(2)** મહારાષ્ટ્ર લોકસંગીતમાં સંબલ નામના વાદ્યનો ઉપયોગ જોવા મળે છે. જે તબલાની જોડીને મળતું આવતું વાદ્ય છે. આથી ઘણા લોકો આ વાદ્યને તબલાની ઉત્પત્તિનું સ્વરૂપ ગણે છે.

**(3)** પંજાબમાં દુક્કડ નામનું વાદ્ય છે. તેમાં પણ બે સમાન ભાગ હોય છે. આથી તે પણ ઉત્પત્તિનું સ્વરૂપ ગણાય છે.

**(4)** પં. કિશન મહારાજના મત મુજબ - આજે પણ તબલાજોડી પર લોટ લગાવવાની પ્રથા પ્રચલિત છે અને ત્યાં તબલા-વાદકોને પખાજી કહીને બોલાવવામાં આવે છે.

આથી તેમનાં મંતવ્ય મુજબ તબલાની જોડીની ઉત્પત્તિ પખાવજમાંથી જ થઈ હશે અને કાળક્રમે તેમાં ફેરફારો થતા હાલની તબલાની જોડી બની હશે.

**(5)** ડૉ. આબાન મિસ્ત્રી : તેમનાં સંશોધન મુજબ આજથી 2200 વર્ષ પહેલાંની એક બૌદ્ધ ગુફામાંથી એક શિલ્પ મેળવ્યું છે જે લગભગ બૌદ્ધ ધર્મકાળનું જણાય છે. જેમાં એક સ્ત્રી વિણા વગાડે છે તથા સામે ઊભેલી સ્ત્રી તબલા જેવું ચર્મવાદ્ય, જેવું અવનદ્ધ વાદ્ય વગાડી રહી છે. આમ, આ શિલ્પ દ્વારા તેમણે એક નવો જ રસ્તો ચિંધ્યો છે.

**સ્વાધ્યાય**

1. તબલાજોડીની ઉત્પત્તિ વિશે કોઈ પણ બે વ્યક્તિનાં મંતવ્ય જણાવો.
2. તબલાજોડીની ઉત્પત્તિ આબન મિસ્ત્રીના મત મુજબ કઈ સદીમાં થઈ હશે ?
3. ભરતમુનિના મત મુજબ તબલાજોડી કયા વાદ્યની સાથે સામ્યતા ધરાવે છે ?
4. કયા કલાકારે તબલા ઉપર લોટની જગ્યાએ પાકીશ્યાહીનો ઉપયોગ કર્યો ?
5. મહારાષ્ટ્રના લોકસંગીતમાં કયા વાદ્યનો ઉપયોગ થાય છે જે તબલાજોડીને મળતું આવે છે ?

•

# 5 ત્રિતાલ વાદન

**પ્રસ્તાવના**

આ એકમમાં વિદ્યાર્થીઓને સૈદ્ધાંતિક રીતે ક્રિયાત્મક અભ્યાસક્રમમાં તૈયાર કરેલ કિસ્મ, કાયદા, પલટા, તિહાઈ, મુખડા, ટુકડા ને ત્રિતાલ જેવા તાલોમાં બે કિસ્મ, 'તિટ' નો કાયદો તે જ કાયદાના પલટા તથા તિહાઈ તેમજ 'તિરકિટ'નો કાયદો ત્રણ પલટા, તિહાઈ, બે મુખડા અને ટુકડા લખવાની તથા તેને જ તબલા પર વગાડવાની રીત આપેલ છે. જેથી કરીને શિક્ષકો હેઠળ તાલીમ લેતાં સહજતા પ્રાપ્ત થાય.

તાલ - ત્રિતાલમાં બે કિસ્મ, તીટનો કાયદો ત્રણ પલ્ટા, તિહાઈ સાથે.

તિરકિટનો કાયદો ત્રણ પલટા, તિહાઈ સાથે બે મુખડા, એક ટુકડો વગાડવાની ક્ષમતા :

**(1) તાલ - ત્રિતાલમાં બે કિસ્મ :**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | ધા | ધિં | ધિંધિં | ધા | ધાગે | ધિં | ધિંધિં | ધા | |
| | × | | | | 2 | | | | |
| | ધા | તિં | તિંતિં | તા | તાકે | ધિં | ધિંધિં | ધા | ધા |
| | 0 | | | | 3 | | | | × |
| (2) | ધા | ધિંડત્રક | ધિંધિં | ધા | ધાગે | ધિંડત્રક | ધિંધિં | ધા | |
| | × | | | | 2 | | | | |
| | ધા | તિંડત્રક | તિંતિ | તા | તાકે | ધિંડત્રક | ધિંધિં | ધા | ધા |
| | 0 | | | | 3 | | | | × |

**(2) તીટનો કાયદો :**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ધા | ધા | તી | ટ | ધા | ધા | તિં | ના | |
| × | | | | ૨ | | | | |
| તા | તા | તી | ટ | ધા | ધા | ધીં | ના | ધા |
| 0 | | | | 3 | | | | × |

**(3) તાલ - ત્રિતાલમાં 'તીટ' ના કાયદાના ત્રણ પલ્ટા :**

**પલ્ટા-1**

| | | | |
|---|---|---|---|
| ધાધા | તીટ | ધાધા | તીટ |
| × | | | |
| ધાધા | તીટ | ધાધા | તીંના |
| 2 | | | |
| તાતા | તીટ | તાતા | તીટ |
| ○ | | | |
| ધાધા | તીટ | ધાધા | ધિંના |
| ૩ | | | |

પલ્ટા-૨

| | | | |
|---|---|---|---|
| ધાધા<br>× | તીટ | તીટ | તીટ |
| ધાધા<br>2 | તીટ | ધાધા | તીંના |
| તાતા<br>0 | તીટ | તીટ | તીટ |
| ધાધા<br>3 | તીટ | ધાધા | ધીંના |

પલ્ટા-૩

| | | | |
|---|---|---|---|
| ધાતી<br>× | ટતી | ટધા | તીટ |
| ધાધા<br>2 | તીટ | ધાધા | તીંના |
| તાતી<br>0 | ટતી | ટધા | તીટ |
| ધાધા<br>3 | તીટ | ધાધા | ધીંના |

**(4) તિટની તિહાઈ :**

| | | | | |
|---|---|---|---|---|
| ધાધા<br>× | તીટ | ધાધા | તીંના | |
| ધાઽ<br>2 | ઽઽ | ધાધા | તીટ | |
| ધાધા<br>0 | તીંના | ધાઽ | ઽઽ | |
| ધાધા<br>3 | તીટ | ધાધા | તીંના | ધા<br>× |

**(5) તિરકિટનો કાયદો :**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ધા<br>× | ધા | તિર | કિટ | ધા<br>૨ | ધા | તિં | ના | |
| તા<br>0 | તા | તિર | કિટ | ધા<br>3 | ધા | ધિં | ના | ધા<br>× |

**3 પલ્ટા-1** **તિરકિટના પલ્ટા**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધા<br>× | ધા | તિર | કિટ | ધા<br>3 | ધા | તિર | કિટ |
| ધા<br>0 | ધા | તિર | કિટ | ધા<br>3 | ધા | તિં | ના |
| તા<br>0 | તા | તિર | કિટ | તા<br>3 | તા | તિર | કિટ |
| ધા<br>0 | ધા | તિર | કિટ | ધા<br>3 | ધા | ધિં | ના |

**પલ્ટા-2**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધા | તિર | કિટ | ધા | તિર | કિટ | ધા | ઽ |
| × | | | | 2 | | | |
| ધા | ધા | તિર | કિટ | ધા | ધા | તિં | ના |
| 0 | | | | 3 | | | |
| તા | તિર | કિટ | તા | તિર | કિટ | તા | ઽ |
| × | | | | 2 | | | |
| ધા | ધા | તિર | કિટ | ધા | ધા | ધિં | ના |
| 0 | | | | 3 | | | |

**પલ્ટા-3**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| તિર | કિટ | ધા | ધા | ઽ | ધા | તિર | કિટ |
| × | | | | 2 | | | |
| ધા | ધા | તિર | કિટ | ધા | ધા | તિ | ના |
| 0 | | | | 3 | | | |
| તિર | કિટ | તા | તા | ઽ | તા | તિર | કિટ |
| × | | | | 2 | | | |
| ધા | ધા | તિર | કિટ | ધા | ધા | ધિં | ના |
| 0 | | | | 3 | | | |

**(7) તિહાઈ** **'તિરકિટ'ની તિહાઈ**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધા | ધા | તિર | કિટ | ધા | ધા | તિ | ના |
| × | | | | ૨ | | | |
| ધા | ઽ | ઽ | ઽ | ધા | ધા | તિર | કિટ |
| ○ | | | | ૩ | | | |
| ધા | ધા | તિ | ના | ધા | ઽ | ઽ | ઽ |
| × | | | | ૨ | | | |
| ધા | ધા | તિર | કિટ | ધા | ધા | તિં | ના |
| ○ | | | | 3 | | | |

**(8) બે મુખડા**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
| | તાડતાડ | તિરકિટ | તાડતિર | કિટ તક | તિરકિટ | તકતાડ | તિરકિટ | ધાતિત્ | ધા |
| | 0 | | | | ૩ | | | | × |
| (2) | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
| | ધા | તિના | કિડનગ | તિંના | કિડનગ | તિરકિટ | તકતા | તિરકિટ | ધા |
| | 0 | | | | 3 | | | | × |

**એક ટુકડો**

| | | | | |
|---|---|---|---|---|
| તિરકિટ | તક તિર | કિટતક | તાડતિર | |
| × | | | | |
| કિટતક | તિરકિટ | તકતાડ | તિરકિટ | |
| 2 | | | | |
| ધાડ | તિરકિટ | તકતાડ | તિરકિટ | |
| 0 | | | | |
| ધાડ | તિરકિટ | તકતાડ | તિરકિટ | ધા |
| 3 | | | | × |

•

# 6 પ્રસિદ્ધ તબલાવાદકોનાં નામ અંગે સામાન્ય જ્ઞાન

**પ્રસ્તાવના**

તબલાવાદન કલાના વિકાસમાં ઉચ્ચ કોટીના કલાકારોએ પોતાનું યોગદાન આપ્યું અને આ કલાને સમૃદ્ધ બનાવી. નાના-મોટા દરેક કલાકારનું યોગદાન જ આ કલાને જીવંત રાખવાનું કામ કરે છે. છેલ્લાં 300 વર્ષમાં ઘણા જ કલાકારો થઈ ગયા અને તેઓએ પોતાની આગવી વિચારસરણીના માધ્યમથી ઘરાનાની સ્થાપના કરી અલગ વાદનશૈલી વિકસાવી અને તે સર્વે કલાકારો પોતાનું નામ તબલાજગતમાં અમર કરી ગયા. આ એકમમાં તબલાજગતના મુખ્ય ઘરાના અને તેના સ્થાપક તથા કલાકારોના નામના નામનો ઉલ્લેખ કરેલ છે.

## સિદ્ધ તબલાવાદકોનાં નામ અંગે સામાન્ય જ્ઞાન

તબલાવાદન કલાના મુખ્ય ૬ ઘરાનાં છે અને તે દરેક ઘરાનાનાં પ્રમુખ તબલાવાદકોનાં નામ નીચે મુજબ છે :

(1) દિલ્લી ઘરાના (2) અજરાડા ઘરાના

(3) ફારુખ્ખાબાદ ઘરાના (4) લખનૌ ઘરાના

(5) બનારસ ઘરાના (6) પંજાબ ઘરાના

**(1) દિલ્લી ઘરાના સ્થાપક**

**ઉ. સિદ્ધારખાઁ**

રોશનખાઁ, કલ્લુખાઁ, બુગરાખાઁ, ઘસીટખાઁ. જેઓ તેમની પરંપરામાં આવે છે. ઉ. નથ્થુખાઁના શિષ્યોમાં ઉ. અહેમદજાન થીરકવા, ઉ. અમીરહુસેનખાઁ વગેરે તથા હાલમાં ઉ. ઈનામઅલીખાઁના પુત્રો આ પરંપરા આગળ ધપાવી રહ્યા છે.

**(2) અજરાડા ઘરાના સ્થાપક**

ઉ. કલ્લુખાઁ - ઉ. મીરુખાઁ

ઉ. હબીબુદ્દીનખાઁ સાહેબ તથા શ્રી સુધીરકુમાર સક્સેના, શ્રી મધુકર ગુરવ, ઉ. અકરમખાં, પૌત્ર મંજુખાઁ

**(3) ફારુખ્ખાબાદ ઘરાના સ્થાપક**

ઉ. હાજી વિલાયતખાઁ સાહેબ. - ઉ. મસીતખાઁ ઉ. કરામતુલ્લાખાઁ, ઉ. સાબીરખાઁ, પં. નીખીલઘોષ પં. સપનચૌધરી, પં. અનીન્દોચેટર્જી

**(4) લખનૌ ઘરાના સ્થાપક**

ઉ. મોદદુખાઁ ઉ. બક્ષુખાઁ

ઉ. અફાકહુસેનખાઁ, ઉ. વાજીદહુસેનખાઁ, અલમાસખાઁ, ઉ. નીઝામુદ્દીનખાઁ

**(5) બનારસ ઘરાના સ્થાપક**

પં. રામસહાયજી

પં. કંઠેમહારાજ, પં. સામ્તાપ્રસાદજી, પં. કીશનમહારાજ, પં. શારદાસહામજી, પં. પુરણમહારાજ

પં. કુમારબોઝ, પં. નંદનમહેતા, પં. અનોખેલાલ વગેરે.

**(6) પંજાબ ઘરાના સ્થાપક**

લાલાભવાની દાસજી

ઉ. કાદરબક્ષ, ઉ. અલ્લારખાખાઁ સાહેબ, ઉ. ઝાકીર હુસેન, ઉ. ફઝલ કુરેશી વગેરે.

### સ્વાધ્યાય

**1.** તબલાના ઘરાના જણાવો.

**2.** તબલાના દરેક ઘરાનાના સ્થાપકોનાં નામ જણાવો.

**3.** બનારસ ઘરાનાના તબલાવાદકોમાંથી તમને પ્રિય કોણ છે. જણાવો.

**4.** પંજાબ ઘરાનાના તબલાવાદકોમાંથી કોઈ પણ પાંચ તબલાવાદકોનાં નામ જણાવો.

•


# 7 જીવન-પરિચય

**પ્રસ્તાવના**

આ એકમ દ્વારા બાળકોને ભારતના સુપ્રસિદ્ધ કલાકારો અને શાસ્ત્રકારોનો પરિચય થાય અને તેમના જીવનમાંથી બાળકોને સંગીત પ્રત્યેનો ઉત્સાહ વધે તેમજ આગળ શીખવાની પ્રેરણા મળે એ હેતુથી જીવનચરિત્રનો પરિચય આપવામાં આવેલ છે.

**પંડિત કિશન મહારાજ :**

ભારતના પ્રખ્યાત તબલાવાદક પંડિત કિશન મહારાજનો જન્મ બનારસના ખાનદાની તબલાવાદકોના પરિવારમાં 1923માં જન્માષ્ટમીના દિવસે કાશીમાં થયો. માત્ર પાંચ વરસની વયે કિશને પિતા પંડિત હરિરામજી પાસે તબલા શીખવાનો આરંભ કરેલો. પિતાનું અચાનક અવસાન થતા, બાલ કિશનને તેમના કાકા અને લિવિંગ લેજન્ડ કંઠે મહારાજે પોતાની પનાહમાં લઈ તબલાની વિધિસરની તાલીમ આપવાનું શરૂ કર્યું. પંડિત રામસહાય મિશ્રનું તેમનું ઘરાનું બનારસી બાજ તરીકે પ્રખ્યાત છે.



દસ-અગિયાર વરસની વયે કિશન મહારાજે અલગ અલગ માત્રાઓના તાલોમાં નિપુણતા મેળવી હતી, જેથી તેમની સાથે 'મહારાજ'નું હુલામણો ખિતાબ જોડાઈ ગયો. ત્યાર બાદ તો તેઓ સતત રિયાઝ દ્વારા પ્રગતિ કરી ઉચ્ચ કોટીના ગાયકવાદક - સંગીતકારોની સાથે તબલાસંગત કરી સંમેલનોમાં રંગ જમાવવા લાગ્યા. પંડિતજી ગાયનવાદન અને નર્તન - ત્રણેય અંગોના કલાકારો સાથે દીપી ઊઠે એ રીતે સંગત કરતા.

પંડિતજી ગુરુશ્રીની પ્રણાલી અને શિસ્તપાલનના પૂરેપૂરા આગ્રહી હતા. ભવ્ય સંગીત સમારોહમાં વી. આઇ. પી. મહેમાનો તેનાથી ઉચ્ચ આસને બેઠેલા હોય તે બાબત ચલાવી લેતા નહિ. અને જ્યાં સુધી મહેમાનો તેની સામે ગાદી પર બેસે નહિ ત્યાં સુધી તબલાવાદન કરતાં નહિ. સંગીત સર્વોચ્ચ સ્થાને છે અને તે એક દૈવીકલા હોય. આ ઈશ્વરીય કલાનું તેનાથી ઉચ્ચ સ્થાને બેસી અવમૂલ્યન કરી શકાય નહિ.

પંડિતજીએ પદ્મવિભૂષણ, ઉસ્તાદ હાફિઝ અલીખાં ઍવોર્ડ, લતા મંગેશકર ઍવોર્ડ અને કેન્દ્રીય સંગીત નાટક ઍકેડેમી જેવા અસંખ્ય ઍવોર્ડ મેળવેલા. એક માન્યતા મુજબ અડધો ડઝન તબલાવાદકો સ્ટેજ પર બેસી એક જ તાલના ટુકડા પોતપોતાના ઘરાનાની વિશેષતા સાથે રજૂ કરે એ તાલવાદ્ય કચહરીની કિશન મહારાજે શરૂ કરાવેલી આ પ્રથા દુનિયાભરના સંગીત-સંમેલનોની ખૂબી ગણાય છે.

29 એપ્રિલ, 2008માં પંડિતજીને પેરેલિસિસ(લકવા)નો ગંભીર ઍટેક આવતા તેઓને બનારસની નજીકની એક ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા અને ચાર-પાંચ દિવસ સતત આ ગંભીર બીમારી સામે ઝઝુમતા રહી 4 મે, 2008ના રોજ રાત્રિના પોણા બારે અંતિમ શ્વાસ લીધા. આમ, તબલાના મહાન જાદુગરનો આત્મા અનંતમાં વિલીન થઈ, તલબાવાદનને અમરત્વ અર્પી ગયો.

•

**ઉસ્તાદ ઝાકિર હુસૈન :**



આજની યુવા પેઢીના દિલો-દિમાગ પર રાજ કરનાર અને નાની ઉંમરથી જ અપૂર્વ લોકચાહના મેળવનાર ઉસ્તાદ ઝાકિર હુસૈન જન્મજાત કલાકાર છે. પંજાબ ઘરાનાના ઉચ્ચ કોટીના તબલાવાદક ઉસ્તાદ અલ્લારખાંના હોનહાર સુપુત્ર ઝાકિર હુસૈનનો જન્મ 9 માર્ચ, 1952માં મુંબઈમાં થયો હતો. પુત્ર મહાન તબલાવાદક બને તે માટે પિતાએ તેનાં પારણાંમાં બે નાનાં તબલાં લટકાવ્યાં હતાં. પંજાબ ઘરાનાંના વિખ્યાત તબલાવાદક ઉસ્તાદ કાદરબક્ષે તેને દીક્ષા આપી. તબલાની તાલીમ આપી હતી. ત્યાર બાદ તબલાવાદનની સંપૂર્ણ અને ઝીણવટભરી કલા તેઓએ તેમના પિતાશ્રી પાસેથી જ પ્રાપ્ત કરી છે. Practice makes the man perfect એ બાબત વ્યવહારમાં જેટલી સાચી છે, તેનાથી વધુ ગાયન-વાદન અને નર્તનની ત્રિવિધ કલામાં સાચી છે. ઝાકિર હુસૈને અથાગ પરિશ્રમ અને સતત રિયાઝ દ્વારા આ નાદબ્રહ્મની દિવ્ય કલા પ્રાપ્ત કરી છે.

ભારતના મહાન સંગીતકારો પંડિત ભીમસેન જોષી, પંડિત રવિશંકર, ઉ. અલીઅકબરખાં, પંડિત જશરાજ, પંડિત શિવકુમાર શર્મા, ઉ. બિસ્મિલ્લાખાં તેમજ વિદેશના જોન મૌકાગલિન, જ્યોર્જ હેરિસન, જોન હાર્ડી વગેરે દિગ્ગજ કલાકારો સાથે તબલાસંગત કરી ભારતને ગૌરવભર્યું સ્થાન અપાવેલ છે. ભારતનાં દરેક મહાનગરો અને ઉપનગરોમાં અને વિદેશમાં અમેરિકા, ઇંગ્લૅન્ડ, યુરોપ, ઇટલી જેવા અનેક દેશોમાં પોતાની કલાની પ્રસ્તુતિ કરી અનેરી લોકચાહના મેળવી છે. આજે દુનિયાભરના તમામ દેશોમાં ઉ. ઝાકિર હુસૈનનું અનોખા તબલાવાદક તરીકેનું નામ પ્રખ્યાત છે. કલકત્તાના સંગીતકાર જ્ઞાનઘોષે એમનું તબલાવાદન સાંભળી એમને તબલાંવાદનનો કન્હૈયો કહીને નવાજ્યા હતા.

તબલામાં અનેક પ્રકારના નવા નવા પ્રયોગો તેમના દ્વારા થયેલા છે. રોક ઍન્ડ રોલ અને ઝાઝ જેવા પશ્ચિમી સંગીત પર પણ તેણે હાથ અજમાવી, પૂર્વ-પશ્ચિમનાં સંગીતનું મિશ્રણ કરી વાહ વાહ મેળવી છે. સંગીત-નાટક અકાદમી પુરસ્કાર સૂર સિંગાર, સંસદ દ્વારા સુવર્ણ પદક અને ઉચ્ચ કોટીનો ગ્રેમી ઍવોર્ડ પ્રાપ્ત કરેલ છે. ભારત સરકારે તેમને પદ્મભૂષણ ખિતાબથી સન્માનિત કર્યા છે.

હસમુખા, વાંકડિયા ઝુલ્ફોવાલા અને આંગળીઓની અનોખી કરતબથી દુનિયાને ડોલાવનાર આ દૈવી કલાના દૈવીકલાકારનું શતાયુ જીવન તંદુરસ્તીપૂર્વક વીતે અને તબલાવાદન દ્વારા આપણને સૌને સંગીતની દિવ્ય અમીધારામાં ભીંજવ્યા કરે તેવી ભાવના સાથે - ઉસ્તાદ ઝાકિર હુસૈનની કલાને સો સો સલામ.

•

## પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડેજી (ચતુર પંડિત)



ભારતના મહાન શાસ્ત્રકાર, સંગીતકાર, આચાર્ય પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડેજીનો જન્મ ઈ.સ. 1860માં રત્નાગીરી જિલ્લાના વાલકેશ્વર (વેળણેશ્વર) ગામમાં એક ઉચ્ચ સંગીતના જ્ઞાતા અને પ્રેમી એવા બ્રાહ્મણ પરિવારમાં તા. 10મી ઑગસ્ટ(ગોકુલ અષ્ટમી)ને દિવસે થયો હતો. યાદશક્તિ સારી હોવાને લીધે સાંભળેલાં ગીતો, ભજનો, કંઠસ્થ કરીને ગાઈ સંભળાવતા. મુંબઈમાં કૉલેજ-શિક્ષણ મેળવવાની સાથે તેમને શાસ્ત્રીય સંગીતની પદ્ધતિસરની તાલીમ પણ મળી. ગાયન અને સિતારનો અભ્યાસ કર્યો. કૉલેજમાં એલએલ.બી.ની ઉપાધિ મેળવી કરાંચી જઈ વકીલાત શરૂ કરી, પરંતુ તેમાં તેને બહુ સફળતા ન મળી અને મન પણ નહિ લાગવાથી વકીલાત છોડી મુંબઈ પરત આવી ગયા. શાસ્ત્રીય સંગીત સાંભળવાની - શીખવાની અને તેમાં સતત કંઈ સંશોધન કરતા રહેવાની મનમાં ઊઠેલી તીવ્ર મહત્ત્વાકાંક્ષાએ જીવનપર્યંત સંગીતની સેવા માટે અર્પિત કરી તેનાં કાર્યમાં લાગી ગયા.

પંડિત ભાતખંડેજીએ હિંદુસ્તાનનાં નાનાં-મોટાં શહેરો-નગરો અને ગામડાંઓનો પ્રવાસ ખેડી પુસ્તકાલયોમાં રહેલા સંગીતના પ્રાચીન ગ્રંથો વાંચીને, કંઈ કેટલાય કલાકારોને સાંભળીને નવી નવી ચીજો, રાગો વગેરે સંગ્રહ કરવા લાગ્યા. આવી આશરે 2500 ચીજોનો (ગીતોનો) સંગ્રહ કરી ચતુર્દંડી પ્રકાશિકા નામના ગ્રંથોમાં તેમણે ઉત્તર હિંદુસ્તાનની સંગીતની સરળ સ્વર લિપિની શોધ કરી અને સુવ્યવસ્થિત કર્યું. તેમનાં રચેલા લક્ષ્ય સંગીતના 1 થી 6 ભાગો અને ભાતખંડે ક્રમિક પુસ્તિકા માલિકા ભાગ 1 થી 6 નામના ગ્રંથો લખી, સંગીતને નવજીવન બક્ષી આવનારી પેઢી માટે ઉત્તમ સેવા કરી. જેનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. હિન્દુસ્તાનની સંગીત પદ્ધતિ નામનું મરાઠી ભાષામાં લખાયેલું તેમનું પુસ્તક તો વિષ્ણુ શર્માના ઉપનામથી લખેલા 'રાગમંજરી', શ્રી મલ્લક્ષ્ય સંગીતમ્ પણ જાણીતા છે.

તેઓ સંગીતના પ્રખર વિદ્વાન હોવા ઉપરાંત ઉત્તમ કક્ષાના કવિ પણ હતા. ચતુર ઉપનામથી રચેલી ઘણી સુંદર ચીજો આજે પણ ગવાય છે. તેમણે ઈ.સ. 1916માં વડોદરામાં સંગીતનું ભવ્ય સંમેલન યોજી, તેનું ઉદ્‌ઘાટન વડોદરાના સંગીતપ્રિય મહારાજા દ્વારા થયું હતું. આ સંમેલનમાં ભારતભરના સંગીતકારોએ હાજરી આપી હતી. ત્યાર બાદ લખનૌ, ગ્વાલિયર વગેરે સ્થળોએ સંગીત શાળાઓ શરૂ કરી સંગીતની તાલીમ લેવા ઇચ્છતી યુવાપેઢી માટે ઉમદા કાર્ય કર્યું હતું.

પં. વિષ્ણુ નારાયણ ભાતખંડેજીના પ્રમુખ શિષ્યોમાં પં. એસ. એન. રાતાંજનકર, પ્રો. ડી. પી. મુખરજી, પં. વાડીલાલ શિવરામ નાયક મુખ્ય છે.

આમ પંડિતજીએ સંગીતશાસ્ત્રનો અનોખો પ્રચાર કર્યો. જીવનપર્યંત તન, મન, ધનથી સંગીતની સેવા કરીને ઈ.સ. 1936માં 76 વર્ષની ઉંમરે દુનિયાનો આ મહાન સંગીત-આત્મા ક્ષર દેહને છોડી, સંગીતના સ્વરલોકમાં અમર થઈ ગયો.

•

# વિભાગ 2

## 1 તબલાના મુખ્ય દસ વર્ણની વાદનવિધિ

**પ્રસ્તાવના**

તબલાવાદન કલા શીખવા માટે તેનાં બોલોના નિકાસની જાણકારી ના હોય તો તબલાવાદન શક્ય જ નથી. આ એકમમાં તબલાનાં વિવિધ વર્ણો તથા તેને કઈ આંગળીથી કયા સ્થાન ઉપર કાઢવાના હોય છે તે જણાવવામાં આવ્યું છે અને વિદ્યાર્થીઓને આથી જાણકારી પ્રાપ્ત થાય અને જ્ઞાનમાં વધારો થાય. તબલા ઉપર વાગતાં વર્ણો - બાંયા ઉપર વાગતાં વર્ણો તથા બંને ઉપર વાગતા સંયુક્ત વર્ણોને ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**તબલાનાં મુખ્ય વર્ણોની વાદનવિધિનું જ્ઞાન**

તબલાજોડીના જુદા જુદા ભાગો ઉપર જુદી જુદી આંગળીઓના આઘાતથી ઉત્પન્ન થતા ધ્વનિને 'વર્ણ' કહે છે. તેને ત્રણ રીતે જુદા પાડવામાં આવે છે :

(1) તબલા ઉપર વાગતા વર્ણો (2) બાંયા ઉપર વાગતા વર્ણો (3) તબલા તથા બાંયા બંને ઉપર વાગતા સંયુક્ત વર્ણો.

**તબલા ઉપર વાગતા વર્ણો :**

અથવા

તા, તિં, દીં, ટ-ર, ડ, તી, ત્ર, ન

**બાંયા ઉપર વાગતા વર્ણો :**

(1) ગ, ગે, ગી (2) ક, કે, કી, કત્

**સંયુક્ત વર્ણો :**

(1) ધા (2) ધીં

વર્ણોના નિકાસની વિધિ

અંગૂઠાથી પહેલી આંગળી - તર્જની કહેવાશે.

બીજી આંગળી - મધ્યમા કહેવાશે.

ત્રીજી આંગળી - અનામિકા કહેવાશે.

ચોથી આંગળી - કનિષ્ઠિકા કહેવાશે.

તબલા ઉપર વાગતા વર્ણો

ના-તા - તબલાની કિનાર ઉપર તર્જનીથી વાગશે.

તિં - તબલાની સ્યાહિતી કિનાર તથા મેદાન ઉપર તર્જનીથી વાગશે.

દીં - તબલાની સ્યાહિના વચ્ચેના ભાગ ઉપર તર્જની, અનામિકા, મધ્યમા તથા કનિષ્ઠિકા આ ચારે આંગળીઓથી વાગશે.

ટ અથવા ર - તબલાની સ્યાહિનાં મધ્ય ભાગમાં તર્જનીથી વાગશે.

ડ - તબલાની સ્યાહિની કિનાર ઉપર અનામિકાથી વાગશે.

તી - તબલાની સ્યાહિ ઉપર મધ્યમાથી વાગશે.

ત્ર - તબલાની સ્યાહિ ઉપર મધ્યમા તથા તર્જનીથી વાગશે.

ન - તબલાની કિનાર ઉપર તર્જનીથી વાગશે.

**બાંયા ઉપર વાગતા વર્ણો :**

ગ-ગે-ગી - બાંયા ઉપર તર્જની મધ્યમાં તથા અનામિકા દ્વારા સ્યાહિના ઉપરના ભાગ ઉપર વાગશે.

ક - કે - કી - કત - બાંયા ઉપર ખુલ્લા પંજાબી - કાંડાના આધારથી વાગશે.

**તબલા તથા બાંયા ઉપર વાગતા સંયુક્ત વર્ણો :**

ધા - તબલાની કિનાર ઉપર તર્જનીના આઘાતની સાથે બાંયા ઉપર મધ્યમા તથા અનામિકાના સંયુક્ત આઘાતથી ઉત્પન્ન થતા ધ્વનિને 'ધા' કહેવાશે.

ધીં - તબલાની સ્યાહિના કિનારના ભાગે તર્જની તથા બાંયા ઉપર મધ્યમા - અનામિકાના સંયુક્ત આઘાતથી ઉત્પન્ન થતા ધ્વનિને 'ધીં' કહેવાશે.

**સ્વાધ્યાય**

1. તબલા ઉપર વાગતા વર્ણો જણાવો.
2. બાયાં ઉપર વાગતા વર્ણો જણાવો.
3. સંયુક્ત વર્ણો જણાવો.
4. 'દીં' બોલ કેવી રીતે નીકળશે તે જણાવો.
5. 'ના' કેવી રીતે વાગશે તે જણાવો.

•

# 2 તાલોની ઠાયલય અને દુગુન લય વગાડવાની પદ્ધતિ

**પ્રસ્તાવના**

આ એકમ દ્વારા અભ્યાસક્રમમાં આવતા તાલોને ઠાયલયમાં વગાડવા તેમજ ઠાયલયની બરાબર દુગુન લયમાં વગાડીને પાછા ઠાય લયમાં તાલને વગાડવાનો અભ્યાસ થશે. તેમજ વિદ્યાર્થીને લયનું જ્ઞાન થશે. આ હેતુથી તાલને ઠાયલય અને દુગુન લયમાં વગાડવાનો અભ્યાસક્રમ બનાવ્યો છે.

**(1) તાલ - ત્રિતાલ માત્રા - 16**

**ઠાય (સિંગલ) લય**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધા | ધીં | ધીં | ધા | ધા | ધીં | ધીં | ધા | ધા | તીં | તીં | તા | તા | ધીં | ધીં | ધા | ધા |
| ચિહ્ન | × | | | | ૨ | | | | ૦ | | | | ૩ | | | | × |

**દુગુન લય : ત્રિતાલ**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધાધીં | ધીંધા | ધાધી | ધીંધા | ધાતીં | તીંતા | તાધીં | ધીંધા | ધાધીં | ધીધા | ધાધીં | ધીંધા | ધાતીં | તીંતા | તાધીં | ધીંધા | ધા |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |

**(2) તાલ - દાદરા માત્રા - 6**

**ઠાય (સિંગલ લય)**

| માત્રા - | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| બોલ - | ધા | ધીં | ના | ધા | તીં | ના | ધા |
| ચિહ્ન - | × | | | 0 | | | × |

**દુગુન લય**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધાધીં | નાધા | તીંના | ધાધીં | નાધા | તિંના | ધા |
| ચિહ્ન | × | | | 0 | | | × |

**(3) તાલ કહરવા માત્રા - 8**

**ઠાય લય**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધા | ગે | ન | તિ | ન | ક | ધિ | ન | ધા |
| ચિહ્ન | × | | | | 0 | | | | × |

**દુગુન લય**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધાગે | નતિ | નક | ધિન | ધાગે | નતિ | નક | ધિન | ધા |
| ચિહ્ન | × | | | | 0 | | | | × |

**(4) તાલરૂપક - માત્રા - 7**

**ઠાય લય**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | તીં | તીં | ના | ધીં | ના | ધીં | ના | તીં |
| ચિહ્ન | 0 | | | 2 | | 3 | | 0 |

**દુગુન લય**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | તીંતીં | નાધીં | નાધીં | નાતીં | તીંના | ધીંના | ધીંના | તીં |
| ચિહ્ન | 0 | | | 2 | | 3 | | 0 |

**(5) તાલ - હિંચ - માત્રા - 6**

**ઠાય લય**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | |
|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધીં | નક | ધા | તીં | નક | ધા | ધીં |
| ચિહ્ન | × | | | 0 | | | × |

**દુગુન લય**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધીંડનક | ધાડતીંડ | નક ધાડ | ધીંડનક | ધાડતીંડ | નક ધાડ | ધીં |
| ચિહ્ન | × | | | 0 | | | × |

●

# 3 તાલ-ત્રિતાલનું વાદન

**પ્રસ્તાવના**

આ એકમમાં વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પ્રમાણે તાલ-ત્રિતાલમાં કિસ્મ, તિટનો કાયદો એના પલ્ટા તિહાઈ તેમજ તિરકિટનો કાયદો અને પલ્ટા તિહાઈ તથા બે મુખડા અને ટુકડો તૈયાર કરીને તબલાવાદન કલાનો વિકાસ કેવી રીતે કરવો તેનું જ્ઞાન પ્રાપ્ત થશે. તબલા વાદનની તૈયારીની શરૂઆત તિટ અને તિરકિટના કાયદાથી વધુ થશે એ હેતુથી અભ્યાસક્રમમાં આ કાયદાની વિશેષ તૈયારી કરી કરવા માટે માહિતી આપેલ છે.

**તાલ - ત્રિતાલ માત્રા - ૧૬**

**કિસ્મ**

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | ધા | ધીં | ધીં | ધા | ધા | ધીં | ધીં | ધા | ધા | તીં | તીં | તા | તિટ | ધીં | ધીં | ધા | ધા |
| | × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |
| (2) | ધા | ધીં | ધીં | ધા | ત્રક | ધીં | ધીં | ધા | ધા | તીં | તીં | તા | ત્રક | ધીં | ધીં | ધા | ધા |
| | × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |

**તાલ - ત્રિતાલ        તિટનો કાયદો**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધા | ધા | તિ | ટ | ધા | ધા | તિં | ના | તા | તા | તિ | ટ | ધા | ધા | ધિં | ના | ધા |
| × | | | | 2 | | | | 0 | | | | ૩ | | | | × |

**કાયદો - દુગુન લયમાં**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધાધા | તિટ | ધાધા | તિંના | તાતા | તિટ | ધાધા | ધિંના | ધાધા | તિટ | ધાધા | તિંના | તાતા | તિટ | ધાધા | ધિંના |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**પલ્ટો-1**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધાધા | તિટ | ધાધા | તિટ | ધાધા | તિટ | ધાધા | તિંના | તાતા | તિટ | તાતા | તિટ | ધાધા | તિટ | ધાધા | ધિંના |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**પલ્ટો-2**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધાધા | તિટ | તિટ | તિટ | ધાધા | તિટ | ધાધા | તિંના | તાતા | તિટ | તિટ | તિટ | ધાધા | તિટ | ધાધા | ધિંના |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**પલ્ટો-3**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધાતી | ટતિ | ટધા | તિટ | ધાધા | તિટ | ધાધા | તિંના | તાતિ | ટતિ | ટતા | તિટ | ધાધા | તિટ | ધાધા | ધિંના |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**તિહાઈ**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધાધા | તિટ | ધાધા | તિંના | ધા | - | ધાધા | તિટ | ધાધા | તિંના | ધા | -- | ધાધા | તિટ | ધાધા | તિંના | ધા |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |

**તાલ - ત્રિતાલ** **તિરકિટનો કાયદો**

**કાયદો**

| | | | | |
|---|---|---|---|---|
| ધા ધા તિર કિટ | ધા ધા તિં ના | તા તા તિર કિટ | ધા ધા ધિં ના | ધા |
| × | 2 | 0 | 3 | × |

**કાયદો - દુગુન લયમાં**

| | | | |
|---|---|---|---|
| ધાધા તિરકિટ ધાધા તિંના | તાતા તિરકિટ ધાધા ધિંના | ધાધા તિરકિટ ધાધા તિંના | તાતા તિરકિટ ધાધા ધિંના |
| × | 2 | 0 | 3 |

**પલ્ટો-1**

| | | | |
|---|---|---|---|
| ધાધા તિરકિટ ધાધા તિરકિટ | ધાધા તિરકિટ ધાધા તિંના | તાતા તિરકિટ તાતા તિરકિટ | ધાધા તિરકિટ ધાધા ધિંના |
| × | 2 | 0 | 3 |

**પલ્ટો-2**

| | | | |
|---|---|---|---|
| ધાધા તિરકિટ ધાડતિર કિટધાડ | ધાધા તિરકિટ ધાધા તિંના | તાતા તિરકિટ તાડતિર કિટતાડ | ધાધા તિરકિટ ધાધા ધિંના |
| × | 2 | 0 | ૩ |

**પલ્ટો-3**

| | | | |
|---|---|---|---|
| તિરકિટ ધાધા ડધા તિરકિટ | ધાધા તિરકિટ ધાધા તિંના | તિરકિટ તાતા ડતા તિરકિટ | ધાધા તિરકિટ ધાધા ધિંના |
| × | 2 | 0 | ૩ |

**તિહાઈ**

| | | | | |
|---|---|---|---|---|
| ધાધા તિરકિટ ધાધા તિંના | ધા - ધાધા તિરકિટ | ધાધા તિંના ધા - | ધાધા તિરકિટ ધાધા તિંના | ધા |
| × | 2 | 0 | ૩ | × |

**તાલ - ત્રિતાલ** **મુખડા**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | ધા ધિં ધિં ધા | ધા ધિં ધિં ધા | તાતા તિરકિટ તાડતિર કિટતક | તિરકિટ તકતાડ તિરકિટ ધાતિત | ધા |
| | × | 2 | 0 | 3 | × |
| (૨) | ધા ધિં ધિં ધા | ધા ધિં ધિં ધા | ધાડ તિંના કિડનગ તિંના | કિડનગ તિરકિટ તકતાડ તિરકિ | ધા |
| | × | 2 | 0 | 3 | × |

**તાલ - ત્રિતાલ** **ટુકડો**

| | | | | |
|---|---|---|---|---|
| તિરકિટ તકતિર કિટતક તાડતિર | કિટતક તિરકિટ તકતાડ તિરકિટ | ધાડ તિરકિટ તકતાડ તિરકિટ | ધાડ તિરકિટ તકતાડ તિરકિટ | ધા |
| × | 2 | 0 | 3 | × |

●

| 4 | # સુગમ સંગીત, ગરબા, ભજન, ગઝલ ગીતપ્રકારોમાં તાલોનો પ્રયોગ |
|---|---|

**પ્રસ્તાવના**

આ એકમમાં સુગમ સંગીત, ગરબા, ભજન, ગઝલ વગેરે ગીતપ્રકારો સાથે કહેરવા તાલ, દાદરા તાલ અને હિંચ તાલનો પ્રયોગ કેવી રીતે કરવો તેનું પ્રારંભિક જ્ઞાન આપવાનો પ્રયાસ કરેલ છે. ગઝલ, ભજન વગેરે દરેક પ્રકારની ગાયકી એક અલગ જ રંગમાં જોવા મળે છે. તેને અનુરૂપ કહેરવા, દાદરા, હિંચ તાલો કેવી રીતે વગાડવાથી વધુ આનંદની પ્રાપ્તિ થાય તેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

તબલાવાદન કલામાં ઉપયોગમાં આવતા તાલો અલગ-અલગ પ્રકારની ગાયકીમાં અલગ-અલગ રીતે ઉપયોગમાં આવે છે. દરેક તાલની એક પ્રકૃતિ હોય છે. તેવી રીતે ગીત - ગઝલ - ભજનમાં પણ અલગ-અલગ રંગ જોવા મળે છે. આથી તબલાવાદકનો મુખ્ય હેતુ ગીત - ગઝલ - ભજન વગેરેની પ્રકૃતિ તથા તેની રચના અનુસાર તબલાવાદન (સંગત) કરવાનો રહે છે. દાદરા, કહેરવા તથા હિંચ તાલનો ઉપયોગ સુગમ સંગીત - ગરબા - ભજન - ગઝલ જેવી ગાયકીમાં થાય છે. ખાસ કરીને ઠેકાના મૂળ બોલને વિવિધતાસભર તથા ગાયનશૈલીને અનુસાર બનાવી અને ગાયનની સુંદરતા વધારવી તે જ સંગીતની રજૂઆતનો મુખ્ય ઉદ્દેશ હોવા જોઈએ. અહીં દાદરા-કહેરવાના બોલોને અલગ અલગ કઈ રીતે વગાડી શકાય તે દર્શાવ્યું છે.

**(1) દાદરા તાલ - મૂળ બોલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધા | ધીં | ના | ધા | તીં | ના | ધા |
| × | | | 0 | | | × |

હવે ગઝલ કે ભજન સાથે સંગત કરતાં આ બોલને અલગ રીતે વગાડી શકાય.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધા | તીં | તીં | તા | ધીં | ધીં | ધા |
| × | | | 0 | | | × |

**(2) કહેરવા તાલ - મૂળ બોલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ધા | ગે | ન | તી | ન | ક | ધી | ન | ધા |
| × | | | | 0 | | | | × |

હવે ગઝલ સાથે સંગત કરતાં આ બોલને અલગ રીતે વગાડી શકાય.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | ધાઽ | ત્રક | તીં | તીં | તાઽ | ત્રક | ધીં | ધીં | ધા |
| | × | | | | 0 | | | | × |
| (2) | ધીં | ઽ | તા | ધીં | ઽ | તીં | તાતા | તાતા | ધા |
| | × | | 0 | | | | | | × |
| (3) | ધાઽ | ગધીં | નગ | ધીંઽ | તાઽ | કધીં | નગ | ધીંન | ધા |
| | × | | | | 0 | | | | × |

ભજન સાથે કે ગરબામાં દુહા-છંદ ગાતી વખતે ઉપયોગમાં આવતા બોલો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધાઽ | ઽતા | તાગે | ગીન | ધાઽ | ઽતા | તાગે | ગીન |
| × | | | | 0 | | | |
| ધીં | ઽ | તા | તા | કી | ઽ | ધા | તા |
| × | | | | 0 | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ભજનમાં મુખ્યત્વે - | ધીંડ | નાધીં | ડધીં | નાના | તીંડ | નાતીં | ડધીં | નાના |
| | × | | | | 0 | | | |

બોલોનો ઉપયોગ થાય છે.

હિંચ તાલનો વધુપડતો ઉપયોગ ગરબામાં જોવા મળે છે. પરંતુ ઘણી વખત સુગમ સંગીતનાં કોઈ ગીતોમાં પ્રયોગ જોવા મળે છે.

**(3) તાલ - હિંચ :**

માત્રા 6, વિભાગ-2

સમ - 1 માત્રા પર

ખાલી - 4 માત્રા પર

વાદ્ય - તબલા, નાલ, ઢોલક, ઢોલ

બાજ - બંધબાજ

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|
| ધીં | નક | ધા | તીં | નક | ધા | ધીં |
| × | | | 0 | | | × |

**પ્રકાર :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1) | ધાગ | ધીંના | ગીના | તાક | તીંના | કિના |
| | × | | | 0 | | |
| (2) | ધા | ધાતીં | નાક | તા | તાતીં | નાક |
| | × | | | 0 | | |
| (3) | ધીં | નાતીં | ના | તીં | નાતીં | ના |
| | × | | | 0 | | |
| (4) | ધીં | નાતીં | નાના | તીં | નાતીં | નાના |
| | × | | | 0 | | |

આ તાલનો ઉપયોગ સુગમ સંગીત, ગરબા, રાસ, ભજન, લોકગીતમાં ખૂબ જ થાય છે. આ તાલ, દાદરા તાલ સાથે મળતો આવે છે.

## સ્વાધ્યાય

**1.** કયા તાલોનો ઉપયોગ સુગમ સંગીતમાં થાય છે ?

**2.** ગઝલમાં કહેરવા તાલનો ઉપયોગ કયા બોલના માધ્યમથી થાય છે ? તે મુજબ કહેરવા તાલ લિપિબદ્ધ કરો.

**3. સાચા જવાબ સામે ✓ ની નિશાની કરો :**

(1) તાલ દાદરાના કેટલા વિભાગ છે ?

(અ) ચાર (બ) ત્રણ (ક) બે (ડ) એક

(2) તાલ કહરવા વધુ ભાગે કઈ ગાયકીમાં થાય છે ?

(અ) ધ્રુપદ (બ) ઠુમરી (ક) સુગમ સંગીત (ડ) ધમાર

(3) તાલ હિંચ કયા વાદ્ય પર વગાડવામાં આવે છે ?

(અ) પખાવજ (બ) મંજીરા (ક) ઢોલ (ડ) ડફ

●

# 5 ગુજરાતના પ્રસિદ્ધ તબલાવાદકો

**પ્રસ્તાવના**

ગુજરાતમાં તબલાવાદન કલા ફેલાવામાં ઘણા કલાકારોનું યોગદાન છે, પરંતુ પં. શ્રી નંદન મહેતા, પં. શ્રી સુધીરકુમાર સક્સેના તથા શ્રી મધુકર ગુરવના યોગદાનની આ એકમમાં માહિતી દર્શાવી છે. યુવાવર્ગને તબલાવાદન કલા પ્રત્યે આકર્ષણ અનુભવતા કરવામાં તથા તબલાવાદનની વિદ્યા સરળતાથી પ્રાપ્ત કરવામાં આ કલાકારોનું મહત્ત્વનું પ્રદાન છે. આ કલાકારોએ પોતાના જીવનને આ કલાને અર્પી દીધું. આ એકમમાં તેમના યોગદાનની છણાવટ કરેલ છે.

**પંડિત નંદન મહેતા**




શ્રી નંદન મહેતાનો જન્મ અમદાવાદના સ્વ. શ્રી નર્મદાશંકર દેવશંકર મહેતા અને સર ચીનુભાઈ બેરોનેટ જેવા અગ્રણી નાગર કુટુંબમાં તા. 26-2-1942ના રોજ થયો હતો. કલાની ઉપાસના તથા સાહિત્યનો અનુરાગ જેવા સંસ્કારો તેમના પિતા પ્રસિદ્ધ સાહિત્યકાર અને બેરિસ્ટર શ્રી યશોધર મહેતા તથા માતા શ્રીમતી વસુમતીબહેન મહેતા દ્વારા મળ્યા છે. બાળપણથી તબલાવાદન કલાનો શોખ હતો. સને ૧૯૫૫ના વર્ષથી વિધિસર તાલીમ મેળવવા સમર્થ અને નામી તબલાવાદક પં. કિશન મહારાજ પાસે શિષ્યપદ સ્વીકાર્યું.

તેમણે શાસ્ત્રીય સંગીતના અનેક મહોત્સવો, કાર્યક્રમોનું આયોજન કરી શહેરના સંસ્કાર જગતની સુંદર સેવા કરી. અને સપ્તક નામની સંસ્થાનું સફળતાપૂર્વક સંચાલન કરી ગુજરાતનું નામ સમગ્ર વિશ્વમાં ફેલાવ્યું. દેશના દરેક મહાન કલાકારો સાથે સંગત કરી અને ખ્યાતિ પ્રાપ્ત કરી સાથેસાથે અનેક શિષ્યોને તૈયાર કરી એક સાચા કલાકાર બનીને યુવાન વર્ગને સંગીત તરફ વાળ્યા.

તેમને ગુજરાત રાજ્ય સંગીત નૃત્ય-નાટ્ય અકાદમી દ્વારા તેમના આ યોગદાન બદલ ગૌરવ પુરસ્કારથી સન્માનવામાં આવ્યા અને નાટક અકાદમી, દિલ્લી દ્વારા પુરસ્કારથી સન્માનવામાં આવ્યા. હાલમાં તેઓશ્રીની પુત્રી હેતલ મહેતા જોષી આ કલા-વારસાને સાચવી રહ્યાં છે.

ગુજરાતને સમર્પિત આ કલાકારનું અવસાન તા. 26-3-2010ના રોજ અમદાવાદ ખાતે થયું.

**પંડિત સુધીરકુમાર સક્સેના**



તેઓશ્રીનો જન્મ 5 જુલાઈ, 1923ના રોજ અલીગઢમાં થયો હતો. શ્રી સુધીરકુમાર સક્સેના અજરાડા ઘરાનાના પ્રમુખ તબલાવાદક ઉ. હબીબુદ્દીનખાઁ સાહેબના પ્રમુખ શિષ્યોમાંના એક શિષ્ય હતા. તેઓએ અજરાડા ઘરાનાનો પ્રચાર ગુજરાતના વડોદરામાં સ્થાયી થઈ કર્યો. તેઓશ્રીએ એક સાચા કલાકાર તરીકે યુવાનોને તબલાવાદન કલા તરફ વાળ્યા.

(1) તેઓશ્રીએ 1950 થી 1983 દરમિયાન એમ. એસ. યુનિવર્સિટી (વડોદરા)માં સંગીતકલાની શાખામાં પ્રોફેસર તથા Head of the Department તરીકે સેવા આપી.


(2) 1945 થી 1948 દરમિયાન ઑલ ઇન્ડિયા રેડિયો કલકત્તા તથા દિલ્હીમાં સ્ટાફ આર્ટિસ્ટ તરીકે તેઓએ સેવા આપી.

(3) 'એ' શ્રેણીના કલાકાર હતા તથા તબલાવાદન કલાના પ્રસાર માટેની સેવા બદલ ગુજરાત રાજ્ય સંગીત-નૃત્ય-નાટક અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર દ્વારા તેઓશ્રીને સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત 1992માં સૂરસિંગાર સંસદ મુંબઈ દ્વારા સારંગદેવ પુરસ્કાર તથા વડોદરાની કલ્ચરલ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ત્રિવેણી પુરસ્કારથી તેઓને સન્માનવામાં આવ્યા હતા.

ગુજરાતને સમર્પિત આ કલાકારના અનેક શિષ્યો અત્યારે કાર્યરત છે. તેઓશ્રીનું અવસાન તા. 30 નવેમ્બર, 2007ના રોજ થયું.

**પંડિત મધુકર ગુરવ**

શ્રી મધુકરજીનો જન્મ 21 ઑગસ્ટ, 1954માં વડોદરામાં થયો હતો. તેમના પિતાજી નાનાસાહેબ ગુરવ પાનસે ઘરાનાના ઉત્તમ પખવાજ વાદક હતા. પિતાજી પાસેથી મધુકરજીએ તબલાની તાલીમ નાનપણથી લીધી અને બાળપણમાં પિતાજીનું અવસાન થતાં એમણે તબલાની તાલીમ અજરાડા ઘરાનાના ખ્યાતનામ કલાકાર પં. સુધીરકુમાર સક્સેનાજી પાસે લેવાની શરૂ કરી અને ૧૯૬૬માં મ્યુઝિક કૉલેજમાં પ્રવેશ મેળવી સ્નાતક અને અનુસ્નાતકની પદવી સર્વોચ્ચ ગુણ સાથે પ્રાત કરી.



આકાશવાણી દ્વારા આયોજિત શાસ્ત્રીય વાદ્ય સંગીતની સ્પર્ધામાં ભાગ લઈને ભારત વર્ષમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. ત્યાર બાદ આકાશવાણી રાજકોટમાં સ્ટાફ આર્ટિસ્ટ તરીકે સેવા આપી. આકાશવાણીમાં 'એ' ગ્રેડની પરીક્ષા પાસ કરી અને તબલા સોલો અને સંગતના અસંખ્ય કાર્યક્રમ આપ્યા.

1981માં વડોદરા મ્યુઝિક કૉલેજમાં તબલાના અધ્યક્ષ તરીકે સેવા સ્વીકારી અને ઘણા શિષ્યોને તૈયાર કર્યા. ઘણા સંગીત-સંમેલનોમાં તબલા સોલો અને સંગતના કાર્યક્રમ આપ્યા. તા. 9-7-2004ના રોજ વડોદરામાં અવસાન થયું.

• • •